## શેઠ ડી.મ.પોલિટેકનિક ઇન હોર્ટિકલ્ચર,મોડેલ ફાર્મ, વડોદરા ખાતે કિડની જાગૃતિ અંગે નો કાર્યક્રમ......

શેઠ ડી.મ.પોલિટેકનિક ઇન હોર્ટિકલ્ચર,મોડેલ ફાર્મ, વડોદરા ખાતે તા.૨૫/૦૩/૨૦૧૯ ના રોજ ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન ના સહયોગથી કિડની જાગૃતિ અંગેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુંહતું. જેમાં બાગાયત પોલિટેકનિકના વિધાર્થીઓ તેમજ પોલિટેકનિક અને કઠોળ સંશોધન કેન્દ્રનાં સર્વે કર્મચારીશ્રીઓએ ભાગ લીધેલ હતો. આ પ્રસંગે બાગાયત પોલિટેકનિક, વડોદરાના આચાર્યશ્રી ડૉ. બી.એચ.પંચાલે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન ના પ્રોગ્રામ ઓફિસર શ્રીમતી લેખા જોષીનું શાબ્દિક તેમજ ફૂલો થી સ્વાગત કરી કાર્યકમની શરૂઆત કરાવેલ હતી.લેખા જોષી જેઓ કિડની રોગો અંગેની જાગૃતિ ના કાર્યકમો છેલ્લા ૧૪ વર્ષથી એનજીઓ દ્વારા ચલાવે છે.શ્રીમતી લેખાજોષી દ્વારા કિડનીના રોગો થવાના કારણો,કીડની દાન અને કિડની પ્રત્યારોપન અંગેની રસપદ માહિતી આપી હતી.અંતમાં વિધાર્થીઓ માટે કિડની વિષયક પર પ્રશ્નોતરી રાખી ને વિધાર્થીઓને આ વિષય અંગે વધુ માં વધુ પ્રોસ્તાહિત થાય તેવા પ્રયત્નો કરેલ હતા. કાર્યકમની અંતમાં એસ.આર.સી ચેરમેન શ્રી.વી.ડી.રાઠવા એ ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનની ટીમ અને સર્વેનો આભાર વ્યક્ત કરેલ હતો.




